| PUBLICATION NAME : | Divya Bhaskar (City Bhaskar) |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 26/01/24 |
| PAGE : | 1 |

# EDIIમાં 71 વિદેશી પ્રોફેશનલ્સને આંત્રપ્રિન્યોરશિની ટ્રેનિંગ અપાઈ

ગાંધીનગરઃ EDIIમાં શરૂ કરાયેલા ત્રણ વિવિધ પ્રોગ્રામની ક્લોઝિંગ સેરેમની યોજાઈ હતી. ભારત સરકારના વિદેશ મંત્રાલયના ઈન્ડિયન ટેક્નિકલ એન્ડ ઈકોનોમિક કોઓપરેશન દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ સસ્ટેનેબલ પ્રોજેક્ટ પ્રિપરેશન એન્ડ અપ્રેઝલ એન્ડ ઈનફોર્મલ સેક્ટર એન્ટરપ્રાઈઝ, આંત્રપ્રિન્યોરશિપ એજ્યુકેશન, નોલેજ મેનેજન્ટ એન્ડ પોલિસી રિસર્ચ અને પ્રમોટિંગ સ્ટાર્ટઅપ્સ ઈન ડેવલપિંગ ઈકોનોમીઝ થ્રુ ઈનોવેશન એન્ડ ઈન્ક્યુબેશનના વિવિધ વિષયો પર આ સેરેમનીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 27 દેશના 71 વિદેશી પ્રોફેશનલ્સને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતાં. આ પ્રોફેશનલ્સ બાંગ્લાદેશ, ભૂતાન, સાઉથ આફ્રિકા, સાઉથ સુદાન, શ્રીલંકા, તાજિકિસ્તાન, તાન્ઝાનિયા, ઈથિયોપિયા, ફિજી, ઘાના, કઝાખસ્તાન, કેન્યા, માડાગાસ્કર, મલેશિયા, માલદિવ્સ વગેરે જેવા દેશોના છે. ક્લોઝિંગ સેરેમનીમાં વિદેશ મંત્રાલયના અધિક સચિવ અભિલાષા જોશી ચિફ ગેસ્ટ તરીકે ઉપસ્થિત રહ્યાં હતા. તેમણે જણાવ્યું કે, ભારત દેશ એ નોલેજ એક્સચેન્જ, એજ્યુકેશન અને શીખવા પર ધ્યાન આપવાની જૂની પરંપરા ધરાવે છે. આ



કોર્સમાં મહિલાઓએ મોટાપાયે ભાગ લીધો છે, જે મહિલાઓની લિડરશિપના ડેવલપમેન્ટનો સંકેત આપે છે. તમે પોતાના દેશમાં જઈને અહીંથી જે શીખ્યા તેનો ઉપયોગ કરજો. આંત્રપ્રિન્યોરશિપ એજ્યુકેશન, નોલેજ મેનેજમેન્ટ એન્ડ પોલિસી રિસર્ચ પ્રોગ્રામમાં 18 દેશોના 28 લોકોએ ભાગ લીધો હતો. જેનો ઉદ્દેશ દેશમાં કસ્ટમાઈઝડ અને જરૂરિયાત આધારિત આંત્રપ્રિન્યોર એજ્યુકેશન પોલિસી, વ્યૂહરચના બનાવવાનો હતો. ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ સસ્ટેનેબલ પ્રોજેક્ટ પ્રિપરેશન એન્ડ અપ્રેઝલ એન્ડ ઈન્ફોર્મલ સેક્ટર એન્ટરપ્રાઈઝ પ્રોગ્રામનો હેતુ ઈન્ડસ્ટ્રીયલ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સસ્ટેનેબલ ઓપોર્ચ્યુનિટી સેક્ટરમાં પ્રોજેક્ટ્સ, નિર્ણય લેવાની પ્રક્રિયા સમજાવવાનો છે.